અમેરીકાના જોહન ટેમ્પલટન ફાઉન્ડેશને તારીખ **૫** માર્ચ **૧૯૯૭** ના રોજ જાહેરાત કરી કે **૧૯૯૭** નું પ્રોગ્રેસ ઈન રીલીજ્યન માટેનું ટેમ્પલટન પ્રાઈઝ પાંડુરંગ શાસ્ત્રી આઠવલેને આપવામા આવે. **૭૫૦૦૦૦** પાઉન્ડ નું આ ઈનામ વેસ્ટમીનીસ્ટર એબેમા **૬** મે **૧૯૯૭** ના દિવસે બ્રિટનની મહારાણીના પતિ નામદાર પ્રીન્સ ફીલીપના હસ્તે એવોર્ડની **૨૫** મી સુવર્ણ જયંતિ નિમિતે પાંડુરંગ શાસ્ત્રી આઠવલે ને આપવામા આવ્યુ હતું.

આ ઈનામ એવી ઉમદા વ્યકિતને આપવામા આવે છે કે જેમણે પ્રભુ અને અધ્યાત્મના બારામાં દુનિયાની સમજ વધારવામા મહત્વનો ફાળો આપ્યો હોય. આ સંસ્થા તટસ્થતા જાળવી રાખવા ૯ સ્વતંત્ર નિર્ણાયકોની નિમણૂક કરે છે, જેઓ દુનિયાના સર્વે ધર્મોને ધ્યાનમાં લઈ ને યોગ્ય વ્યકિતની પસંદગી કરે છે. આ ઈનામ માટે ની અરજીઓનો નિર્ણાયકો જીણવટથી તપાસ કરીને નિર્ણય લે છે.

આધ્યાત્મિક ક્ષેત્રમા કોણે કેટલી પ્રગતિ કરી તેનો નિર્ણય અરજીઓના લખાણ અને તેને લગતા દસ્તાવેજો પરથી કરવામાં આવે છે. નિર્ણાયકો જાતે કે સ્વતંત્ર વ્યકિત મારફતે આ લખાણ અને દસ્તાવેજોની ચકાસણી (તપાસ) કરતા નથી. જેથી કરી ને નિર્ણાયકોને એ જાણ નથી હોતી કે આ દસ્તાવેજો કેટલા અંશે સાચા છે. આ સંસ્થાના નિર્ણાયકોએ આઠવલે અને તેમની દતક લીધેલી દીકરી (ધનશ્રી તલવલકર દીદી) ના લખાણ અને તેમા કરેલ દાવો માન્ચ રાખ્યો.

તેઓએ કરેલો દાવો કેટલો ખોટો અને અતિશયોકિત ભરેલો છે તેની ઝાંખી કરવી રસપ્રદ થઈ રહેશે. કારણ કે આમ કરીને તેઓએ આખી દુનિયાને ભરમાવ્યા છે અને ખોટા પાટે ચડાવવાની કોશીશ કરી છે. છેલ્લા અમુક વરસોથી આ જુઠા અને અતિશયોકિત ભરેલા નિવેદનો હવે પુરાવા સાથે જાહેર થયા છે અને સ્વાધ્યાય પ્રવૃતિની સાચી જાણ લોકોને થવા લાગી છે. આથી સ્વાધ્યાય સંસ્થાએ, જે લોકો આ ખોટી વાતના વિરોધી છે તેઓ સામે, ભય હિંસા અને આંતકવાદનો સહારો લીધો છે. આમ સ્વાધ્યાય એક **(કલ્ટ) ઝનુનીપંથ** બની ગયો છે.

**૧૯૯૭** ના ટેમ્પલટન પ્રાઈઝના વિજેતાની જાહેરાત કરવામા આવી ત્યારે જોહન ટેમ્પલટન ફાઉન્ડેશને બે દસ્તાવેજો જાહેર કર્યા હતા. તેમાથી એક પ્રેસ નોટ(અખબારી નોંધ) અને બીજી

પ્રેસ રીલીઝ (અખબારી એલાન)  આ બન્ને દસ્તાવેજોમા આઠવલેએ કરેલ કાર્યોની સિધ્ધિઓની નોંધ હતી. આ સિધ્ધિઓ અરજીમાં લખાયા પ્રમાણેની હતી.

આ ઈનામ માટેની નિમણૂક પ્રોફેસર બી એમ અંટરબર્ગર દ્વારા થઈ હતી. પ્રોફેસર અંટરબર્ગરે બે વખત ભારત આવી આઠવલેના કાર્યો જોયેલા હતા. અરજી કરવા તેમણે આઠવલે અને તેમની દીકરી  ધનશ્રી તલવલકરે તેમને આપેલી માહિતી પર આધાર રાખ્યો હતો.  તેઓની  અરજીમા કરેલો દાવો ખોટો અને અતિશયોકિત ભરેલો છે. અને ખાસ કરીને જેઓ ભારતીય  પરિસ્થિતિ અને સંજોગોથી વાકેફ હોય તેઓ અરજીમાંની વાત સ્વીકારવા તૈયાર થશે નહિ. છતાં પણ આ લખાણનો દાવો અમેરીકન પ્રોફેસર પાસેથી આવેલો હોવાથી ટેમ્પ્લટન સંસ્થાના નિર્ણાયકોએ માન્ય રાખ્યો. નિર્ણાયકોએ આ દસ્તાવેજો અને કહેવાતા પુરાવાઓને માન્ય રાખી આઠવલેને આ ઈનામ માટે હકદાર ઠરાવ્યા. સ્વાભાવિક છેકે સંસ્થાના નિર્ણાયકાએ એવુ ન ધાર્યુ હોય કે એક આધ્યાત્મિક (ધાર્મિક) મનુષ્ય આવો ખોટો દાવો અને જુઠ્ઠી માહિતી બીજી વ્યકિત મારફતે આપી પોતાને ઈનામ મેળવવાના હક્ક દાર ઠરાવવાનો દાવો કરે. આ દસ્તાવેજોની અતિશયોકિત સાથે જુઠ્ઠાણુ ભેળવવામા આવ્યુ હતુ. આવી અતિશયોકિતઓ અને જુઠ્ઠાણાઓ છુપાવવા માટે આઠવલે અને તેમની દીકરીએ, જે લોકો આવા જુઠ્ઠાણાઓનો વિરોધ કરે ત્યારે તેઓ એવું કહેતા કે આ લોકો ઈર્ષાળુ છે અને સ્વાધ્યાય કાર્યમાં ભંગ કરવા માગે છે અને તેથી તેઓને મારવા જોઈએ અને તેઓને હેરાન પરેશાન કરવા જોઈએ. અશિક્ષિત લોકો તથા બીનમાહિતગાર લોકો આઠવલે અને તેમની દીકરીની આ વાત સાચી માની લે છે. સ્વાધ્યાય કાર્યના કારણે અમુક સ્વાધ્યાયીઓને પોતાના સામાજિક અને કૌટુંબિક જીવનમાં કેટલોક ફાયદો થયો છે. આઠવલે અને તેમની દીકરી, આવા લોકોની અંધ શ્રદ્ધાનો ગેરલાભ લઈ તેઓને અવળા માર્ગે દોરી તેમનો ઉપયોગ પોતાના વિરોધીઓ પ્રત્યે વેર લેવા માટે કરે છે.  તેમણે આ બાબતે સ્વાધ્યાયી કાર્યકરોમાં ઉશ્કેરણી ફેલાવી છે અને સ્વાધ્યાય કાર્યનુ રૂપાંતર ઝનુનીપંથ (કલ્ટ)માં કર્યો છે.  આને કારણે નીતિમાન સ્વાધ્યાયીઓને અસામાજિક તત્વો મારફતે મરણતોલ માર ખાવાનો વખત આવ્યો છે. આની જાણ અનેક રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય અખબારોમાં પણ આવેલી છે. જેઓને મારવામા આવ્યા હતા તેઓમાના એક બ્રિટનના વિનુભાઈ સચાણીયા (ગજ્જર) છે કે જેઓ જાન્યુઆરી ૨૦૦૩  મા ભારતમાં આવ્યા હતા. મરણતોલ મારના કારણે  ભારતમા તેમજ બ્રિટનમા સાડા

છ અઠવાડીયા સુધી તેમને હોસ્પીટલમા રાખવામા આવ્યા હતા તેમજ તેઓ આજ સુધી કામે પણ જઈ શકયા નથી. તેમણે આઠવલે અને તેમની દીકરીને પ્રશ્ન પૂછીને કેટલીક ચોખવટ માંગી હતી અને કેવળ તેને કારણે જ તેમને આ માર મારવામા આવ્યો હતો. આ પ્રશ્નોના

જવાબ સહેલાઈથી આપી શકાય તેવા હતા પણ આઠવલે અને તેમના દીકરીનો આશય તેમને પાઠ ભણાવવાનો હતો, કે જેથી કરીને બીજી કોઈ વ્યકિત તેઓની સામે ભવિષ્યમાં કોઈ પ્રશ્ન ન ઉઠાવે. જે અખબારોએ આઠવલે અને તેમના દીકરીના કાર્ય અંગેના અહેવાલ જાહેર કર્યા હતા તેઓને ફોન મારફત પરેશાન કરવામાં આવ્યા હતા અને તેઓ સામે બદનામી નો દાવો પણ માંડવા આવ્યો છે. તેમાં તેમનો આશય અખબારોને હેરાન કરવાનો છે.

ભારતના અખબારને તો ઠીક પણ લંડનના ગુજરાત સમાચાર અખબારમા લખેલા લેખના અનુસંધાનમા પણ તેમના તંત્રીને ધાક ધમકીના અનેક ફોન કોલ આવ્યા હતા. તેના ઉતરમા તંત્રીએ જણાવ્યુ હતુ કે સત્ય જાહેર કરવાની અખબારની ફરજ છે અને આવી ધાક ધમકીની અસર ગુજરાત સમાચાર (બ્રિટન)ને થશે નહી. બીજા અનેક ને આવી ધાક ધમકીઓ કરવામા આવી છે એ મહત્વની વાત એ છે કે આવી ઝનુની પ્રવૃતિઓ ચલાવવા દેવામા આવવી ન જોઈએ.

ભૂતકાળમા આ પ્રવૃતિના કેટલાક સારા પરિણામો (જેવા કે શિસ્ત અને આત્મવિશ્વાસ ની વૃદ્ધિ) સ્વાધ્યાયીઓમા થયેલા દેખાય છે પણ ઝનુની અને સંકુચિત માનસવૃતિ છેલ્લા ત્રણ ચાર વરસથી ઉઘાડી પડી છે અને તેને પરિણામે ઉચ્ચ કક્ષાના આગેવાન કાર્યકરાએ સ્વાધ્યાય પ્રવૃતિ વિષે પ્રશ્નો પૂછયા અને સંસ્થા માથી નીકળી ગયા છે.

ઉપર લખેલ અતિશયોકિતઓ અને જુઠાણાઓ સહેલાઈ થી સમજી શકાય તે માટે પ્રેસ રીલીઝ (અખબારી એલાન) અને પ્રેસ નોટ(અખબારી નોંધ) માંથી અક્ષરોઅક્ષર ઉતારાઓ નીચે ટાંકયા છે.

**પાડુરંગ આઠવલે વતી દીદી દ્વારા કરવામાં આવેલા દાવા**

## દાવો (૧)

**(૧)** ***આ કાર્યમા કોઈ પ્રમુખ નથી તેમજ કોઈ પણ પગારદાર કાર્યકર નથી. (પાના નં-૨ પ્રેસ રીલીઝ તારીખ ૦૫/૦૩/૧૯૯૭ )***

***(૨) શ્રીઆઠવલે કોઈ પણ સરકાર અથવા સંસ્થા પાસેથી સ્વાધ્યાય પ્રયોગો માટે પૈસા***

*માંગતા નથી  કે સ્વીકાર કરતા નથી.*
*(પાના નં-૩ પ્રેસ રીલીઝ તારીખ* ***૦૫/૦૩/૧૯૯૭*** *)*

***(૩)*** *સ્વાધ્યાયની વિચારધારા સામ્યવાદી કે મૂડીવાદી નથી. શ્રી આઠવલે આ સંસ્થાના આધ્યાત્મિક આગેવાન છે. પણ તે સિવાય આ સંસ્થાના બીજા કોઈ હોદેદારો નથી. (પાના નં-૩ પ્રેસ રીલીઝ તારીખ* ***૦૫/૦૩/૧૯૯૭*** *)*

**હકીકત**

સ્વાધ્યાયમાં ક્રમ પ્રમાણે પદાધિકારીઓ (hierarchy-હાયરાકી)છે. આ હાયરાકીમા અમુક લોકોને જ સતા ચલાવવાનો અધિકાર છે. ***૧૯૯૧*** માં સ્વાધ્યાય કાર્ય અંગેનુ બંધારણ ઘડવામા આવ્યુ ત્યારે જ હાયરાકીનું નિર્માણ થયુ હતુ. આ બંધારણના દસ્તાવેજ આઠવલે અને તેમના દીકરીએ ગુપ્ત રાખ્યા છે. પણ આ હાયરાકી પ્રમાણે છેલ્લા **૧૩** તેર વરસ થી કાર્ય ચાલી રહ્યુ છે. આ હાયરાકી નીચે લખેલ ઉતરતા ક્રમમાં છે.

**(૧)** સુપ્રીમો

**(૨)** કાર્ય સમિતિ

**(૩)** સંઘાત

**(૪)** જ્યાયસ

**(૫)** અવર

**(૬)** ક્ષેત્રધર

આવી જ રીતે સ્વાધ્યાય પરિવારે જે અંદાજે **(૧૦૦)** એક સો સાર્વજનિક ટ્રસ્ટો સ્થાપ્યા છે તેમા પણ હાયરાકી  છે જ. આ હાયરાકી નીચે પ્રમાણે છે.

(અ) Body of Revered Persons. આ સમિતિ પાસે ટ્રસ્ટોના કાર્યો નિયંત્રિત કરવાની સતા છે. તે ઉપરાંત નાણાંકીય નિર્ણયો લેવાની સતા તેમજ ટ્રસ્ટીઓની નિમણૂક કરવાની સતા પણ તેઓ પાસે છે.

(બ) **તત્વજ્ઞાન વિધાપીઠ** એક એવું ટ્રસ્ટ છે કે જેને બીજા ટ્રસ્ટોની રોજિંદી પ્રવૃતિ નું નિયંત્રણ કરવાની સત્તા છે.

(ક) **ટ્રસ્ટીઓ**: દરેક ટ્રસ્ટની મિલ્કત વ્યકિતગત રીતે ટ્રસ્ટીઓના નામે રાખવાની હોય છે તેથી દરેક ટ્રસ્ટના ટ્રસ્ટીઓની નિમણૂક કરવામાં આવેછે. પણ હકીકતમા આવા ટ્રસ્ટીઓ ફકત નામના જ ટ્રસ્ટીઓ હોય છે. તેમની પાસે કોઈ સાચી સતા હોતી નથી. આવા ટ્રસ્ટીઓને તત્વજ્ઞાન વિધાપીઠ જે માર્ગ દર્શન આપે તે પ્રમાણે જ ચાલવાનું હોય છે. આ સર્વે ટ્રસ્ટીઓ પાસેથી તેમના રાજીનામા નિમણૂક થાય તે વખતે undated પત્ર દ્વારા આગોતરા લઈ લેવામા આવેછે. જેથી કરીને Body of Revered Persons અથવા તત્વજ્ઞાન વિધાપીઠ તેઓને ગમે ત્યારે ટ્રસ્ટી તરીકે દૂર કરી શકે.

(ડ) **કાર્યવાહી સમિતિ**: આ સમિતિના સભ્યો ની નિમણૂક ટ્રસ્ટીઓ કરે છે અને તેઓનુ મુખ્ય કામ રોજિંદા વહીવટ સંભાળવાનું છે.

આમ જોઈ શકાશે કે સ્વાધ્યાયના કાર્યસંચાલનમાં કોઈ હાયરાકી નથી એમ જે કહેવામાં આવ્યું છે તે ખોટું છે.

વળી એ સાચી વાત નથી કે આ કાર્યમા કોઈ પણ પગારદાર કાર્યકર નથી. સ્વાધ્યાય પરિવાર જે જુદી જુદી સંસ્થાઓ ચલાવે છે તેમા સેંકડો પગારદાર કાર્યકરો છે. તત્વજ્ઞાન વિધાપીઠ અને જ્ઞાન વિસ્તારક સંઘ જે શાળાઓ ચલાવે છે અને સદવિચાર દર્શન ટ્રસ્ટ જે પુસ્તકો અને સામાયિકો પ્રકાશિત કરે છે તેઓ પાસે મોટા પ્રમાણમા પગારદાર સ્ટાફ છે. અમુક ઉચ્ચ કક્ષાના ક્ષેત્રીય કાર્યકરોને પણ પગાર આપવામા આવેછે. આવુ ચૂકવણુ પેટા ટ્રસ્ટ અથવા તો નક્કી થયેલ ચોક્કસ સ્વાધ્યાયીઓ કરે છે.

## દાવો ૨

સ્વાધ્યાયનું નિર્માણ થયુ ત્યારથી જ તે સર્વે ધર્મો, જાતીઓ, સંપ્રદાયોને સમભાવ અને માન થી સમાન ગણે છે. અને આ સંસ્થા ભારતમાં ફૂલીફાલી છે તેમજ આંતર રાષ્ટ્રીય રીતે અનેક રાષ્ટ્રોમા ફેલાયેલી છે. આ રાષ્ટ્રોમા અમેરીકા, કેનેડા, જર્મની, પોર્ટુગલ, કેન્યા, સાઉથ આફ્રીકા બહારેન, યુનાઈટેડ આરબ એમીરેઈટસ, ફીજી, વેસ્ટ ઈંડીઝ અને સુરીનામ નો સમાવેશ થાય છે. *(પાના નં-૨ પ્રેસ રીલીઝ તારીખ ૦૫/૦૩/૧૯૯૭)*

## હકીકત

ભારતને લાગેવળગે છે ત્યાં સુધી આશરે દસ લાખ લોકો (કુલ વસ્તી નો **૦.૧ %** ભાગ)

આ પ્રવૃતિ સાથે નિયમિત સ્વાધ્યાય કાર્યમાં સંકળાયેલા હશે.
આ કાર્યનો અમેરીકામા કેટલાક સ્થળે તેમજ કેનેડામા (ફકત એક અથવા જૂજ સ્થળોએ જ) પ્રચાર થયો છે. જર્મનીમાં તો એવુ એક પણ કુટુંબ નહી હોય જે સ્વાધ્યાયના રંગે રંગાયેલુ હોય. (સિવાય એક બે વ્યકિતઓ જેઓ ભારતથી ટુંક સમય માટે જર્મનીમા કામસર આવી હોય.) સ્વિડનમા મુઠ્ઠીભર સ્વાધ્યાયીઓ છે પણ ત્યાં કોઈ નિમણૂક થયેલુ કેન્દ્ર નથી કે જેમા લોકો નિયમિત રીતે મળી શકે. પોર્ટુગલમા અંદાજે પચાસ વ્યકિતઓ, જયારે કેન્યામાં લગભગ સો લોકો સ્વાધ્યાય પ્રવૃતિમા નિયમિત હશે. સાઉથ આફ્રિકામાં તો ભાગ્યે જ કોઈ સ્વાધ્યાય પ્રવૃતિમા હશે. ફીજી, સુરીનામ અને વેસ્ટ ઈંડીઝમા કોઈ પણ સ્વાધ્યાયના નિયમિત કેન્દ્રો નથી. ફીજી, સુરીનામ અને વેસ્ટ ઈંડીઝમા સ્વાધ્યાયનો પ્રચાર કરવાના પ્રયત્ન છતા પણ ત્યાં કોઈ સ્વાધ્યાય કાર્ય સ્થપાયું હોય તેવું જાણમાં નથી તેમજ સ્વાધ્યાય કાર્યની કોઈ અસર દેખાતી નથી. બહેરીન અને યુનાઈટેડ આરબ એમીરેઈટસમાં ભારતીય કામદારો તથા વેપારી વર્ગમાથી થોડા લોકો સ્વાધ્યાયમાં છે.

## દાવો ૩

પરિણામ એ આવ્યું છે કે એક લાખ ગામડઓમાં અને લગભગ બે કરોડ વ્યકિતમાં સંપૂર્ણ આધ્યાત્મિક અને આર્થિક પરિવર્તન આવ્યું છે. (***પાના નં-૩પ્રેસ રીલીઝ તારીખ***

***૦૫/૦૩/૧૯૯૭ )***

આખા ભારતમાં તેમજ વિશ્વના બીજા ભાગોમાં કહેવામાં આવે છે કે "સર્વે મનુષ્યો દૈવી પરિવારના ભાઈ બહેનો છે" અને આ માન્યતાથી વ્યકિત અને સમાજની ઉન્નતિ થઈ રહી છે." અને તેને લીધે આનો સૌથી મોટો ફાયદો ભારતના માછીમારોના ગામડાઓમા થયો છે. તેઓમાં જુગાર દારૂ જેવી કુટેવો હતી અને તેઓ પત્ની અને બાળકોની જોડે દુર્વ્યવહાર કરતા હતા તેને બદલે આવા સામુહિક પ્રયત્નોથી તેઓમાં આધ્યાત્મિક પ્રગતિ થઈ છે, ગુનાઓનુ પ્રમાણ ઘટ્યું છે અને ગરીબોને અન્ન મળ્યુ છે ***(પાના નં- ૨ પ્રેસ રીલીઝ***

***તારીખ૦૫/૦૩/૧૯૯૭)***

## હકીકત

ભારતની વસ્તી લગભગ એક અબજ થી વધારે છે. ભારતના લગભગ પાંચ લાખ ગામડાઓ છે. જે દાવો ઉપર કર્યો છે તેનો અર્થ એવો થાય કે દરેક પાંચ ગામડામાંથી એક ગામડામાં અને દરેક પાંચ કે છ વ્યકિતમાંથી એક વ્યકિતમાં સંર્પૂણપણે આર્થિક અને આધ્યાત્મિક પરિવર્તન આવ્યું છે. જો આ ખરી હકીકત હોત તો તે વિશ્વ સમાચાર થયા હોત અને દરેક દેશોમાંથી આ પરિવર્તન જોવા માટે લોકો આવ્યા હોત કે આ પરિવર્તન કેવી રીતે આવ્યું અને સાચા અર્થમાં વિશ્વનો નકશો બદલી ગયો હોત. આર્થિક પરિર્વતન તેને કહી શકાય જેમાં દરેકને ઓછામા ઓછું રોટી, કપડાં અને મકાન મળતા હોય. આગળ વધીને કહીએ તો દરેકને ચોખ્ખુ પીવાનું પાણી, શિક્ષણ, સ્વાસ્થ્ય માટેની જરૂરીયાતો અને રોજગારની તક પણ મળતી હોય. આ દૂરનુ એક સ્વપ્ન છે જે આ સદીના અંતમાં પણ શકય નથી. જીસસ અને મહંમદે પણ પોતાના લાખો અનુયાયીઓનું આધ્યાત્મિક પરિવર્તન થયું છે એવો દાવો કરેલો નથી.

સ્વાધ્યાય પરિવાર તરફથી પોતાની પ્રવૃતિના તથા પ્રયોગો વિષે કોઈ અધિકૃત વિગતવાર માહિતી જાહેર થઈ નથી તેથી તેવા આંકડાઓ ઉપલબ્ધ નથી. તેથી અહી તે વિષેનો અંદાજ આપેલ છે.

ગુજરાતમાં અંદાજે દસ લાખ લોકો સ્વાધ્યાય પ્રવૃતિમાં છે. ગુજરાતમાં આ પ્રવૃતિ **૧૯૫૮**માં શરૂ થઈ હતી અને ત્યાં જ વધારે પ્રચાર પામી છે. ગુજરાતમા અંદાજે **૧૯૦૦૦** ગામડાઓ છે. આમાથી લગભગ ***૨૫*** % ( ***૪૫૦૦***) ગામડાઓમા જ સ્વાધ્યાય કેન્દ્રો હશે. જેમાં અઠવાડિયામાં એકવાર લોકો આઠવલેના વિડિયો પ્રવચન સાંભળવાને જતા હશે. થોડાક ગામડાઓ બાદ કરતા આમાં મુખ્યત્વે વસ્તીનાં ફકત **૫** થી **૧૦** % લોકોજ હશે. આ ગ્રામવાસીઓમાંથી અમુક લોકો નિયમિત કાર્યમાં જોડાયેલા હશે જયારે બીજા ફકત ઉત્સવો તેમજ સંમેલનો અથવા વાર્ષિક મહોત્સવમાં સંકળાયેલા હશે. આનો અર્થ એ નથી કે તેઓમાં આધ્યાત્મિક પરિવર્તન આવ્યું છે. "મનુષ્યનાં હ્દયમાં ભગવાન રહેલા છે" આ બાબતની જાણ અથવા પોતાના સમાજના લોકોને મદદ કરવાની ભાવનાથી કંઈક કામ કરવાની તૈયારીનો અર્થ તેઓમાં સંપૂર્ણ આધ્યાત્મિક પરિવર્તન આવ્યું છે એવો ન કરી શકાય. હકીકતે જો થોડું પણ આધ્યાત્મિક પરિવર્તન આવ્યું હોયતો તેના કારણે માણસમાં બીજા માટે કાળજી, પરસ્પર સહાય, ઝગડાઓનો અંત, દુષ્ણોનું નિર્મૂલન, અંધ્ધશ્રધ્ધામાંથી મુકિત, સામાજિક સેવાની વૃતિ, નિર્માણ થાય અને માણસના જીવનમાં પ્રમાણિકતા, ઉદારતા, સત્ય અને ક્ષમા જેવા ગુણો આવે. એવો દાવો કરવો કે સ્વાધ્યાયીઓમાં સંપૂર્ણ આધ્યાત્મિક પરિર્વતન આવ્યું છે તો તે યોગ્ય નથી. વધુમાં વધુ એમ કહી શકાય કે સ્વાધ્યાય પ્રવૃતિના કારણે કેટલાક સ્વાધ્યાયીઓમાં થોડા માનવીય ગુણો નિર્માણ થયા છે અને તેને લીધી તે સારા નાગરિક તરીકે

જીવન જીવી રહ્યા છે. ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ, મધ્યપ્રદેશ અને હરિયાણા જેવા પ્રાંતોમાં પણ  સ્વાધ્યાયનુ કાર્ય ફેલાયેલુ છે, પણ ગુજરાત જેટલા પ્રમાણમાં નહિ. હકીકતમાં ભારત અને ભારતની બહાર ચાલતા કુલ કાર્ય કરતાં ગુજરાતમાં થતુ રહેલું કાર્ય વધારે ગણાય. દરખાસ્તની અરજીમાં એવો દાવો કરાયેલો છે કે વિશ્વમાં બે કરોડ લોકો સ્વાધ્યાય પ્રવૃતિમાં છે અને એક લાખ ગામડાઓમાં પૂર્ણ રીતે આર્થિક તેમજ આધ્યાત્મિક પરિવર્તન આવ્યું છે. હકીકતમાં આશરે દશ લાખ લોકા નિયમિત સ્વાધ્યાયીઓ હશે તેમજ એક પણ એવુ ગામડુ નહી હોય કે જેનુ **૧૦૦** % આર્થિક તેમજ આધ્યાત્મિક પરિવર્તન થયુ હોય.

સ્વાધ્યાય પ્રવૃતિ થતી હોય તેવા આશરે **૭૫૦૦** ગામો હશે.  અંદાજે **૨૦૦** ગામડાઓમાં

થોડી આર્થિક તેમજ આધ્યાત્મિક અસર હોઈ શકે.

સ્વાધ્યાય પરિવારે અનેક આર્થિક પ્રયોગો શરૂ કરેલા છે. આમાંથી ફકત બે પ્રયોગો એવા છે કે જેનાથી તેમા ભાગ લેનારાઓને થોડા અંશે આર્થિક ફાયદો થાય. આ બે પ્રયોગો નીચે પ્રમાણે છે.

## **૧ યોગેશ્વર કૃષિ**

આ પ્રયોગમાં ગામડાના ખેડુતો સાથે મળીને ભાડે લીધેલ ખેતરમાં ખેતી કરે છે.  દરેક ખેતરની સરેરાશ અંદાજે **૩** થી **૪** હજાર રૂપિયા (લગભગ **૫૦** પાઉન્ડ) ની આવક થાય

છે. એક હજારની વસ્તીવાળા ગામમાં આ રકમ એક કે બે માણસોની ગરીબી હટાવવા માટે અથવા તો ખેતીના કામ માટે એક બળદ ખરીદવા માટે પણ પૂરતી નથી. ગામના  એક વિધાર્થીના કોલેજ અભ્યાસનો ખર્ચ પણ તેનાથી માંડ પૂરો થાય.

દરેક ગામે જમા કરાવેલ રકમ પાછી મેળવવા માટે એવા નિયમો કરવામાં આવ્યા છે કે હકીકતમાં આસરે **૫૦** % જેટલી રકમ માધવી રક્ષા સંકલ્પ ટ્રસ્ટમાં જમા પડી હશે.  આ રકમ

વ્યાજે મૂકીને ટ્રસ્ટ વ્યાજની કમાણી કરે છે પણ તે કમાણીની રકમ ગામડાઓના ખાતાઓમાં વહેંચી આપવામાં આવતી નથી અને આમ ગામડાઓને તેનો કોઈ લાભ મળતો નથી.

આસરે **૨૫૦૦** ગામડાઓમાં યોગેશ્વર કૃષિનો પ્રયોગ ચાલતો હશે અને આ સંખ્યા ઘટી

પણ શકે છે. આ સંખ્યા વધે તે માટે હાલમાં પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. આ વરસે ખેડુતોમા આ પ્રયોગમાં રસ વધે તેમાટે ખાસ ભાર મૂકવામાં આવ્યો છે.  આવા ખેતરો કેટલા તેનો આંકડો તેમજ યોગેશ્વર કૃષિની  કુલ આવક જાહેર કરવામાં આવતી નથી, જો વિગતો

જાહેર કરવામાં આવે તો તે પણ સામાન્યીકરણ કરીને કરવામાં આવે છે. વળી નિર્મલ નિકેતન કહે છે તેથી તે સ્વીકારી લેવાની હોય છે. તેને વિષે કોઈ પણ વ્યકિત અવાજ ઉઠાવી શકે નહી. ગામડાના લોકોનો ઉત્સાહ વધારવા કોઈકવાર કેટલી કૃષિ છે તેના આકડાનો સંકેત આપવામાં આવે છે પણ કુલ કેટલી રકમ જમા થઈ છે તેની જાહેરાત કદી પણ કરવામાં આવતી નથી.
ટેમ્પલટન ફાઉડેશનને મોકેલેલી દરખાસ્ત અરજીમાં પણ નહી.
આ ખેતરો એટલા નાના હોય છે કે ગામડાના થોડા માણસો જ તેને ખેડી શકે અને તેની દેખરેખ રાખી શકે. આથી ગામડાના અનેક લોકો જેઓ આ પ્રયોગમાં ભાગ લેતા નથી, તેઓમાં આ પ્રયોગથી દૈવી ભાઈચારો લાવી શકાય નહી.

એવુ કહેવામાં આવે છે કે આ આવકના પૈસા જરૂરતમંદ સ્વાધ્યાયીઓમાં ભગવાનના પ્રસાદ રૂપે છૂપી રીતે વહેંચવામાં આવે છે. આ સત્ય નથી. જરૂરતમંદ સ્વાધ્યાયીઓએ અરજી કરવી પડે છે અને સ્થાનિક લોકોએ તેની ભલામણ અને મંજૂરી આપવી પડે છે. ત્યાથી તે અરજી ચોક્કસાઈ અને મંજૂરી માટે સ્વાધ્યાયના મુખ્ય કાર્યાલય પર મુંબઈ મોકલવામાં આવે છે. અરજી જો મંજૂર થાયતો તે રકમ અરજી કરનારને ગામડાના લોકોની હાજરીમાં આપવામાં આવે છે. એ સત્ય નથી કે યોગેશ્વર કૃષિના પૈસા ગામડાના અવસંરચના (Infrastructure) જેવા કે રસ્તાઓ, વાહન વ્યવહાર, સંદેશ વ્યવહાર વિગેરેમાં વપરાયા છે. સ્વાધ્યાયના ૬૦ વરસના અસ્તિત્વના ગાળામાં આવા કામ માટે સ્વાધ્યાય પરિવાર દ્વારા કોઈ પૈસા વાપરવામાં આવ્યા નથી.

## ૨ મત્સ્યગંધા

ભારતમાં માછીમાર સમાજ પછાત ગણવામાં આવે છે આથી જયારે સ્વાધ્યાયી કાર્યકરો તેમની પાસે ગયા ત્યારે તેઓ ખૂબજ ખુશ થયા હતા. આ ઉત્સાહમાં લગભગ ૭૦ મત્સ્યગંધાઓ (માછલી મારવાના વહાણો) બંધાયેલ છે. દરેક માછીમાર સ્વેચ્છાએ આવા વહાણ ઉપર બે કે ત્રણ દિવસ માછલી મારવા માટે જોડાય છે અને પકડાયેલી માછલી વેંચી પૈસા ભેગા કરવામાં આવે છે. જુદા જુદા કેન્દ્રોમાં જમા થયેલા આવા પૈસા જરૂરતમંદ માછીમારો કે જેને માછીમારીના ધંધામાંથી નીકળી ને પોતાનો નાનો ધંધો શરૂ કરવો હોય તેને આપવામાં આવે છે. છેલ્લા કેટલાક સમયથી એવુ સાંભળવામાં આવે છે કે આસરે ૩૦ % ની મત્સ્યગંધાઓ નિયમિત વપરાશમાં હશે. આના મુખ્ય કારણો એ છે કે આ વહાણો ઊંડા પાણીમાં જઈ શકતા નથી, અથવા વહાણો જૂના થઈ ગયા છે અથવા સ્વેચ્છાએ જનાર માછીમારોનો અભાવ છે. બીજા કેટલાક માછીમારોને રોજિંદુ વેતન આપીને ચલાવવામાં

આવતા હોવાની સંભાવના છે. આવા વહાણના હિસાબ નું ઓડીટ થતું જાણ્યુ નથી. આ હિસાબની વિગતો કદી પણ જાહેર કરવામાં આવતી નથી. અપાયેલી લોન પરત કરવામાં આવે તેની વિગત ચેરીટેબલ ટ્રસ્ટના હિસાબમાં અપાતી નથી. આમાની કોઈ પણ મત્સ્યગંધા ચેરીટેબલ ટ્રસ્ટના નામે રજીસ્ટર નથી. જ્યારે મત્સ્યગંધાઓનુ આયુષ્ય પુરૂ થશે અને તે વપરાશમાંથી દૂર થશે ત્યારે આ પ્રયોગનુ ભાવિ ધૂંધળુ થશે. શરૂઆતમાં **૧૧** મોટી

મત્સ્યગંધાઓ બંધાઈ હતી. પછીથી આનાથી અડધી ક્ષમતાની મત્સ્યગંધાઓ બંધાઈ હતી. સ્વાધ્યાય પ્રવૃતિ પહેલા કરતા મોટા પાયે ચાલતી હોવા છતાં પણ છેલ્લા કેટલાક સમયથી એક પણ વહાણ બંધાયેલ નથી.!! ધર્મપ્રચારના કારણે માછીમાર સમાજ માં સારી અસર દેખાય છે અને થોડી ગુનાહીત પ્રવૃતિ પણ ઓછી થઈ છે. આમ છતા માછીમાર સમાજમાં હજીપણ પુરાણા દોષો અને પરિસ્થિતિઓ જોવા મળે છે અને અરજીમાં જે કહેવાયું છે તેટલુ પરિણામ લાવવા માટે તે સમાજમાં ઘણુ મોટુ પરિવર્તન કરવાનુ કામ હજુ બાકી છે. આથી દરખાસ્ત અરજીમાં વપરાયેલો શબ્દ "બહોળા પ્રમાણમાં" યોગ્ય નથી.

છેલ્લા બે વર્ષથી વહેંચવામાં આવેલી રકમનો આકડો **૩૨૦૦૦** થી **૩૮૦૦૦** પાઉન્ડ

સ્ટર્લીંગ પર પહોંચ્યો હશે. ભારતની કુલ માછીમાર વસ્તીના હિસાબમાં સ્વાધ્યાયથી જેઓને આર્થિક ફાયદો થયો છે તેવા માછીમારો ની સંખ્યા ઘણી જ ઓછી છે. સ્વાધ્યાયથી સામાજિક અને કૌટુંબિક શાંતિ આવી હશે પણ તે સ્વાધ્યાય પરિવારમાં જોડાયેલા પૂરતી સીમિત છે. ગુજરાત અને મહારાષ્ટ્ર પ્રાંતો જ્યા માછીમારી સમાજમાં સ્વાધ્યાય પ્રવૃતિનું પ્રમાણ સારૂ છે, ત્યાં પણ લડાયક જુસ્સો, દાણચોરી અને સામજિક ગુન્હાનું પ્રમાણ હજીપણ છે. મત્સ્યગંધાના સામુહિક પ્રયોગ સિવાય માછીમાર ઉધોગમાં સ્વાધ્યાય પ્રવૃતિએ કોઈ સહકારી ચળવળ ઊભી કરેલી દેખાતી નથી.

દરખાસ્ત અરજીમાં લખેલ શબ્દો "ભુખ્યાને અન્ન મળે છે" તે પ્રસ્તુત નથી. ગરીબી હટાવવા માટે જૂજ રકમ વરસમાં એક અથવા બે વાર જરૂરતમંદ જૂજ માછીમારોને અનાજ અને કપડાના રૂપમાં આપવામાં આવે છે. આનો અર્થ," ભૂખ્યાઓને અન્ન મળે છેં " તેમ કહી શકાય નહી કારણ કે સમાજના એક નાના હિસ્સાને પણ આનો ફાયદો કદાચ ન થતો હોય. આ સમાજમાં કામ એ થયુ છે બેરોજગાર જુવાનોને પોતાનો ધંધો શરૂ કરવા માટે મત્સ્યગંધાના પ્રયોગ ને લીધે જરૂરી મૂડી મળે છે. દુર્ભાગ્યે આવી ધીરાણે આપેલી મૂડી ભરપાઈ થઈ હોય તેનો હિસાબ ટ્રસ્ટના ચોપડે સ્પષ્ટપણે જોવા મળતો નથી. મત્સ્યગંધાની આવકનો અમુક ભાગ અમુક ચેરીટેબલ ટ્રસ્ટોને દાન માં આપવામાં આવે છે. આ ટ્રસ્ટો બેરોજગાર યુવાનોને ધીરાણ કરે છે.

## દાવો **૪**

સ્વાધ્યાયીઓ જાહેરમાં કે વ્યકિતગત રીતે તેમજ પ્રજા પાસેથી ફાળો ઉઘરાવતા નથી. સ્વેચ્છાએ આપેલુ દાન પણ અસ્વીકાર કરવામાં આવે છે. જયારે આઠવલેને **૧૯૮૮** નુ

મહાત્મા ગાંધી ઈનામ આપવામાં આવ્યું ત્યારે તેમણે તે ઈનામની રકમને બમણી કરી દાતાને યોગ્ય લાગે ત્યાં વાપરવા માટે પાછી આપેલી. ***(પાના નં- 3 પ્રેસ રીલીઝ તારીખ ૦૫/૦૩/૧૯૯૭)***.

## હકીકત

હકીકતમાં સ્વાધ્યાયીઓ દ્વારા ભારત તેમજ વિશ્વભરમાં વ્યકિતગત દાન સ્વીકારવામાં આવે છે. બ્રિટનમાં પણ સ્વાધ્યાય સંસ્થા વ્યકિતગત દાન સ્વીકારે છે, એટલુજ નહિ પણ સ્વાધ્યાયીઓ પાસેથી એ જવાબદારી પણ લેખિત લેવામાં આવે છે કે આગામી બે વર્ષ માટે પણ તેઓ આવો ફાળો આપશે- જેથી કરીને દાતા આવકવેરા માફી મેળવી શકે !

મહાત્મા ગાંધી પ્રાઈઝનો ઉદેશ હિન્દી ભાષાનો પ્રચાર અને પ્રસાર કરવાનો હતો, નહિ કે આધ્યાત્મિક, ધાર્મિક અને સામાજિક ઉન્નતિ કરવાનો. આ ઈનામ ફકત ***૬૩*** પાઉન્ડનુ હતુ

આઠવલે પોતે સંપૂર્ણ શુધ્ધ હિન્દી ભાષા બોલતા ન હોઈ તેમણે તેનો સ્વીકાર કર્યો ન હતો અને તેમણે આ ઈનામની રકમ જેટલી રકમ સાથે તે રકમ પરત કરી હતી. જયારે એમ કહેવામાં આવે છે કે આઠવલેએ ઈનામની રકમ બમણી કરીને પાછી આપી ત્યારે એવુ કયારેય જણાવવામાં આવતુ નથી કે આ રકમ હકીકતમાં કેટલી હતી. બીજી તરફ **૭૫૦૦૦૦**

પાઉન્ડના ટેમ્પલટન એવોર્ડનો આઠવલેએ સ્વીકાર્યો હતો એટલુ જ નહી પણ તે ઈનામની રકમ આઠવલેએ જણાવ્યું હતુ કે તેઓ જે કારણસર વાપરશે, તે ઉદેશથી તેઓએ વાપરી પણ નથી. **૬૩ પાઉંડનો** એવોર્ડ ન સ્વીકરવો તેમા કાઈ મહાનતા નથી, પણ **૭૫૦૦૦૦**

પાઉન્ડનુ ઈનામ સ્વીકારી તે કબૂલ કરેલા ઉદેશ માટે વાપરવામાં **ન** આવે ***તે સ્વાધ્યાયનો સાચો ચહેરો બતાવે છે.***

## દાવો **૫**

**૧૯૫૪**માં શ્રીઆઠવલને ટોકયો જાપાનની બીજી ધાર્મિક વિશ્વપરિષદમાં આમંત્રણ

આપવામાં આવ્યું હતુ તેમણે ત્યાં ભગવદ ગીતાની જે સમજ આપી તેનાથી અંજાઈને આમંત્રિત સભ્યોએ  આઠવલેને અમેરીકા, યુરોપ અને જાપાનમાં ધર્મ અને તત્વજ્ઞાન બાબતના ઉચ્ચ હોદ્દાઓ સંભાળવાની દરખાસ્ત કરી હતી. આઠવલેએ આ ઓફરનો સ્વીકાર કર્યો નહી કારણકે તેમનું ધ્યેય ભારતમાં એક એવો સમાજ નિર્માણ કરવાનો હતો કે જેમનુ જીવન ગીતાના સિધ્ધાંતો ઉપર આધારિત હોય.*(પાના નં- ૪ પ્રેસ રીલીઝ તારીખ*

***૦૫/૦૩/૧૯૯૭)***

## હકીકત

**૧૯૫૪** ની બીજી વિશ્વધાર્મિક પરિષદનુ આયોજન કરનાર આંતરરાષ્ટ્રીય ફિલોશોફિકલ

સોસાયટી હતી, જે તે સમયની જાણીતી સંસ્થા ન હતી અને તે આ પરિષદના બે વર્ષ પહેલા જ શરૂ થઈ હતી. આ પરિષદમાં પરદેશથી વીસ પ્રતિનિધિઓએ જુદા જુદા દેશો માથી ભાગ લીધો હતો જેમા ફિલિપાઈન્સ, ડેનર્માક, હોલન્ડ, અમેરીકા, જેવા દેશો હતા.  યુરોપથી બીજા કોઈ પણ સભ્ય ન હતા. એવો જે દાવો કરવામાં આવે છે કે અધ્યાયત્મ અને ધર્મના અનુસંધાનમાં ઉચ્ચ હોદાની ઓફર અમેરીકા વતી શ્રી આર્થર હોલી ક્રોમ્પટને આઠવલેને કરી હતી તે દાવો ખોટો હોય તેવું દેખાય છે. હકીકતેં શ્રી ક્રોમ્પટન આ પરિષદમાં આવ્યા જ ન હતા.  એવો પણ દાવો કરવામાં આવે છે કે આઠવલેને "રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ" માં બે વખત પ્રમુખ તરીકે ચુંટવામાં આવ્યા હતા. હકીકતમાં "રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ" શરૂ થઈ તે પહેલા આઠવલે ભારત પાછા આવવા નીકળી ગયા હતા.  પરિષદની આ સત્ય વિગતો અને તેનો પૂરો અહેવાલ તમને વેબસાઈટ પરથી મળી શકે છે.

# દાવો ૬

બીજા માં પણ ઈશ્વર વસેલો છે તેવી ભાવનાથી સ્વાધ્યાયીઓ બધા સાથે પ્રેમાળ સબંધ બાંધી શકે છે, જેના પરિણામે ગુનાખોરી ઓછી થાય છે, સામાજીક ભેદભાવ દૂર થાય છે અને ગરીબી ભૂખમરો તથા કંગાલિયતનો ઉકેલ આવે છે.(પાના.નં **૧**  પ્રેસ રીલીઝ

***૦૫/૦૩/૧૯૯૭*** ).

## હકીકત

સ્વાધ્યાય દ્વારા વિવિધ લોકો વચ્ચે પ્રેમાળ સંબંધ નિર્માણ થયો છે એ વાત સાચી છે. તેના પરિણામે થોડા અંશે ગુનાખોરીમાં ઘટાડો થયો છે અને સામાજીક ભેદભાવ દૂર થયા છે. જોકે આ બન્ને ક્ષેત્રમાં સ્વાધ્યાય પરિવારની સિદ્ધિ નહિવત છે. ગરીબી અને ભૂખ મટાડવામાં

સ્વાધ્યાયીઓનુ યોગદાન બહુજ ઓછુ છે કારણ કે તેઓ સ્વાધ્યાયની વિચારધારાનો પ્રચાર કરવામાં જ માને છે અને ગરીબી કે ભૂખનો ઈલાજ કરવામાં માનતા નથી. કેવળ યોગેશ્વર કૃષિ અને મત્સયગંધાની આવકમાંથી જે કંઈ વહેંચવામાં આવે તે પ્રકારે જ સ્વાધ્યાય દ્વારા ગરીબી દૂર થાય છે કે ભૂખ સંતોષાય છે. ઉપર કરેલા દાવા નંબર **૩** માં કરેલી છણાવટ પ્રમાણે યોગેશ્વર કૃષિ અને મત્સયગંધાની આવકમાંથી ખૂબજ ઓછા લોકોને નાના પ્રમાણમાં લાભ થાય છે.

ઘરબાર વિહોણા લોકો માટેની બાબતે છેલ્લા **૬૦** વર્ષમાં સ્વાધ્યાયીઓએ બે જ પ્રસંગો પર મર્યાદિત સંખ્યાના ઘરોના સમારકામ માટે મદદ કરી છે. એક તો આશરે દસ વરસ પૂર્વે લગભગ સો કુટુંબોને તેમના રહેઠાણોના સમારકામ માટે નાની રકમ આપવામાં આવી હતી કે જેમા કુલ વિતરણ આશરે **૨૦.૦૦૦** સ્ટર્લીગ પાઉન્ડ હશે. બીજા પ્રસંગમાં ઈ.સ. **૨૦૦૧** ના (ટેમ્પલટન એવોર્ડ જાહેરાત બાદનો આ પ્રસંગ છે) કચ્છના વિનાશક ધરતીકંપથી જેમના મકાન તારાજ થયા હતા તેવા અંદાજે **૪૦૦૦** કુટુંબોને સમારકામ માટે ***રૂા ૫૦૦૦ ની કિમંતનો સામાન આપવામાં આવ્યો હતો તેવુ તેમના ભાઈઓ કહે છે પણ કોઈ આધારભૂત જાહેર વિગતો સ્વાધ્યાય પરિવારે પ્રકાશિત કરેલ નથી.***

***જે માટેની કુલ રકમ અમેરીકા અને ઈગ્લેંડમાં વસતા સ્વાધ્યાયીઓ પાસેથી ઉઘરાવવામાં આવી હતી . તે ઉઘરાણાના બારામાં પણ વિવાદ છેકે તેની રસીદો આપવામાં આવી નથી. અને તેમા પ્રશ્ન છે કે ઉઘરાવેલી બધી જ રકમ ભારત મોકલાવવામાં આવેલી કે નહિ.***

(એક સમયે યુનોના યુ.એન.ડી.પી.વેબસાઈટ પરથી એવી માહિતી પ્રકાશિત થઈ હતી કે સ્વાધ્યાય પરિવાર તરફથી **૬૦૦૦** મકાનોમાંથી **૪૫૩૮** મકાનો **૧૧૨** ગામમાં બાંધી આપાયા હતા પરંતુ યુનોમાં આ બાબતની તપાસ થતા વેબસાઈટ માંથી આ માહિતી દૂર કરવામાં આવી હતી) સ્વાધ્યાય પરીવારના વિવિધ ટ્રસ્ટોના ભંડોળ માંથી કે ***આઠવલેની*** પોતાની સંપત્તિમાંથી કોઈ ખર્ચ કરવામાં આવેલું જાહેર કરવામાં આવ્યું નથી.

## દાવો ૭

આઠવલે પોતાના સ્વાધ્યાય પ્રયોગો માટે કોઈપણ પ્રકારની સરકારી કે સામાજીક સંસ્થા દ્વારા ઉપલબ્ધ નાણાકીય મદદ માગતા નથી કે સ્વીકારતા નથી. (પાના નંબર **૩**, પ્રેસ રીલીઝ,

***૦૫/૦૩/૧૯૯૭***)

## હકીકત

સ્વાધ્યાય પરિવારને  વૃક્ષમંદીરો, શ્રીદર્શનમ અને શૈક્ષણિક સંસ્થાઓ બાંધવા માટે સરકાર તરફ થી **૧૫** થી **૩૦**  વર્ષના ભાડા પટ્ટે વિશાળ જમીનો મળી છે. જે પટો સમયે સમયે વધારવામાં આવે  છે.  આ માટે સરકારને કોઈ ભાડુ આપવાનું હોતુ નથી. તેથી સ્વાધ્યાય પરીવારને સરકાર તરફથી કોઈ મદદ મળતી નથી તેમ કહેવું અયોગ્ય છે.

સ્વાધ્યાય પરીવાર દ્વારા સંચાલિત બધીજ શાળાઓને નિયમિત સરકારી ગ્રાંટ મળતી રહે છે. જેની કિંમત દર વરસે લાખો રૂપિયાની થાય છે. સ્વાધ્યાયીઓ તેમના અનેક કાર્ય માટે **મફતમાં** અથવા તો રાહત દરે સરકારી શાળાઓ, જમીનો કે મેદાનો અથવા બીજી સવલતો વાપરે છે.

## દાવો ૮

તેમણે કહ્યુ કે તેઓ તેમને મળેલી એવોર્ડની રકમ સ્વાધ્યાય પરિવાર તરફથી ભારતભરમાં ચાલી રહેલી રહેઠાણ યોજનાઓ અને કૃષિ યોજનાઓ માટે વાપરશે. આ પ્રવૃતિ એક પણ વેતનીય કર્મચારી વગર લગભગ એક લાખ ગામડાઓ માં બે કરોડ લોકો સુધી પહોંચી છે. (શીકાગો ટ્રીબ્યુન***૬/૦૩/૧૯૯૭***)

આઠવલેએ એક મુલાકાતમાં કહ્યુ કે તેઓ આ રકમ સ્વાધ્યાય પ્રવૃત્તિમાં વાપરશે,  જેના દ્વારા ભારતભરમાં વિવિધ રહેઠાણ યોજનાઓ અને કૃષિ યોજનાઓ ચાલી રહી છે. આ પ્રવૃતિ એક પણ વેતનીય કર્મચારી વગર લગભગ એક લાખ ગામડાઓમાં બે કરોડ લોકો સુધી પહોંચી છે. (શીકાગો ટ્રીબ્યુન **૬** માર્ચ **૧૯૯૭** ), આવા જ વિધાનો, "ધ ન્યુયોર્ક ટાઈમ્સ" અને "કેલીફોર્નીયા ટેલીગ્રામ ટ્રીબ્યુન" માં પણ**૬** માર્ચ **૧૯૯૭** ના રોજ છાપવામાં આવ્યા હતા.

## હકીકત

આઠવલએ ટેમ્પલટન એવોર્ડ રૂપે પોતાને મળેલ સ્ટર્લીગ પાઉન્ડ ***૭૫૦,૦૦૦*** માંથી એક પણ પૈસો સ્વાધ્યાય પ્રવૃત્તિમાં વાપર્યો હોય તેમ જાણ્યું નથી. રહેઠાણ વિષયક યોજનાઓમાં આગળ ઉપર જણાવ્યા પ્રમાણે કેવળ બે જ પ્રસંગો નોંધનીય છે, જેમાથી બીજો પ્રસંગ ટેમ્પલટન એવોર્ડ ના સૂચીકરણ પછીનો છે અને તે માટેની રકમ પણ વિદેશવાસી ભારતીયો પાસેથી આવી હતી.

## દાવો ૯

**"મારે કોઈ પણ ગ્રામીણ વ્યકિત પાસેથી કંઈ જ જોઈતુ નથી, કોફીનો એક કપ સુધ્ધા નહિ."**

(યુ.એસ.એ.ટુ.ડે. , ***૦૬/૦૩/૧૯૯૭***). આવા જ વિધાનો, ***૦૬/૦૩/૧૯૯૭*** ના શિકાગો ટ્રીબ્યુન, ધ ન્યુયોર્ક ટાઈમ્સ અને કેલિફોર્નિયા ટેલીગ્રામ ટ્રિબ્યુનમાં પણ કરવામાં આવ્યો છે.

**હકીકત**

ઉપર દાવા નંબર **૪** વિશે જે હકીકત રજુ કરવામાં આવી છે તે ઉપરાંત નીચેની બાબતો સત્ય ઉપર પ્રકાશ ફેંકે છે.

સામાન્ય ગ્રામજન સ્વાધ્યાય પ્રવૃત્તિમાં વિવિધ પ્રકારે નાણાકીય યોગદાન આપતો રહે છે.

પ્રથમ, તે વિવિધ પ્રયોગોમાં શ્રમદાન કરે છે જેના બદલામાં તેને કંઈજ મહેનતાણુ મળતુ નથી. આવી રીતે શ્રમભકિત કરતી વખતે તે પોતાનુ ભાથુ (ભોજન) પણ સાથે લઈને આવે છે. વિવિધ પ્રયોગો જેવાકે, વૃક્ષમંદીર, શ્રીદર્શનમ, યંત્ર જિજ્ઞાશા, હીરા મંદિર, બ્રાસ મંદિર, વિગેરે માથી જે કમાણી થાય છે તે તેમનુ સંચાલન કરતા વિવિધ ટ્રસ્ટોમાં જમા થાય છે. આ ટ્રસ્ટો દ્વારા જે લોકો શ્રમભકિત કરે છે તેમના કલ્યાણ માટે એક પણ પૈસો વપરાયો હોય તેવી

જાણકારી નથી. શ્રમભકિત કરવા આવનારને જે ખીસા ખર્ચ થાય તે પણ આપવામાં આવતો નથી.

બીજુ, ગરીબ ગ્રામીણ પ્રજાએ આઠવલે એ ઉભા કરેલા ટ્રસ્ટોમાં ભાવ સમર્પણ દ્વારા અને ઈતર રીતે કરોડો રૂપિયાનુ દાન કર્યુ છે.

ત્રીજુ, શહેરી તથા ગ્રામીણ પ્રજા બધાએ વરસો સુધી આઠવલને તેમના અંગત ખર્ચ માટે ગુરૂદક્ષિણામાં કરોડો રૂપિયા આપ્યા છે. જેનાથી તેમણે પોતે આરામદાયક જીવન માણ્યું છે અને તે ઉપરાંત આમાંના કરોડો રૂપિયાની બચતના વિવિધ રોકાણો કરીને વધુ કમાણી ઉભી કરી છે. તેમના મુસાફરીના, હોટેલમાં રોકાણના અને ખાવાપીવાના સધળા ખર્ચાઓ સ્વાધ્યાય પરીવારના ટ્રસ્ટો કે સ્વાધ્યાયીઓ ભોગવતા રહેલા છે.

ગ્રામીણ અને ગરીબ પ્રજા પાસેથી પોતાના માટે અને ટ્રસ્ટો માટે કરોડો રૂપિયા મેળવ્યા પછી એવોર્ડ મેળવનાર સ્વાધ્યાય પરીવાર ની પ્રમુખ વ્યકિત ઉપર મુજબના વિધાનો કરીને એવી છાપ ઉભી કરવાનો પ્રયત્ન કરે કે પોતે ગામડાના લોકો પાસેથી કંઈ જ માગતા નથી કે લેતા નથી તે અતિ શોચનીય છે. એનાથી વિરૂધ્ધ, ગામડાના જરૂરતમંદ લોકોને પોતેજ ઉભી કરેલી સંપત્તિ માંથી ભાગ્યેજ કંઈ મળે છે.

કૃષિ પ્રયોગોમાં બે મુખ્ય પ્રયોગો છે. વૃક્ષમંદીર અને શ્રીદર્શનમ, જેમા **૨૦** વરસમાં

(જયારથી આ પ્રયોગો શરૂ થયા) જે રોકાણ કર્યુ છે એની સામે ટ્રસ્ટોને ઉપજ રૂપે ઘણી મોટી રકમ છે. આ પ્રયોગોમાં નફાનુ પ્રમાણ મોટુ રહે છે કારણ કે કામ કરનાર લોકોને કંઈજ મહેનાતાણુ, ખીસા ખર્ચ કે ખાવાનુ આપવામાં આવતુ નથી. તેઓ ભકિત રૂપે જ કામ કરતા હોય છે.

ઉપર જે હકીકત રજુ કરવામાં આવી છે તેના પરથી ખ્યાલ આવશે કે સ્વાધ્યાય પરીવાર વિષે અપાયેલી માહિતી ઉપર કેટલો આધાર રાખી શકાય તેવો છે.